dakshinayan
UNIVERSITY NEWS LETTER દક્ષિણાયન

Re-Accredited 'B' 2.82 CGPA by NAAC
VNSGU | VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY

This newsletter is also available on the University Library at website www.vnsgulibrary.org

January 2012 For private circulation only Vol. 04 - Issue 74

राष्ट्रवाद केवल राजनीतिक कार्यक्रम नहीं है, राष्ट्रवाद तो एक धर्म है जो ईश्वर के पास से आया है, जिसे लेकर आपको रहना है। हम सभी लोग ईशवर अंश के साधन है । यह धर्म देवी तथा सात्विक है। राष्ट्रीयता को हम दबा नहीं सकते । यह तो ईश्वरीय शकित की मदद से और बढती है । राष्ट्रीयता अजर-अमर है, यह कोई मानवीय वस्तु नहीं है ।

श्री अरविन्द घोष

# દીપે અરુણું પરભાત

પ્રિય વાચકમિત્રો,

"સહુ ચલો જીતવા જંગ, બ્યૂગલો વાગે,
યા હોમ કરીને પડો, ફતેહ છે આગે."

એમ ગાનાર કવિ નર્મદના મનોરથો ફળ્યા.

શસ્ત્રો ઉંચકયા વિના જ વિદેશી શાસનમાંથી આપણે મુકિત મેળવી. શકિતશાળી પરદેશી શાસક ભારત ભૂમિને છોડી ગયા. અહિંસક સામુદાયિક તાકાતનું એ પરિણામ હતું. રાષ્ટ્રીય નિષ્ઠાની ભાવભરતીનું એ પરિણામ હતું. સામે આવેલી પરિસ્થિતિનો મકકમતાથી સામનો કરવાના દ્રઢ નિર્ધારનું એ પરિણામ હતું. માનવજાતના ઈતિહાસમાં આ અભૂતપૂર્વ ઘટના હતી. હિંસાથી ઘેરાયેલી યુદ્ધગ્રસ્ત તવારીખમાં અહિંસાના વિકલ્પની આ સીમાચિહ્ન રૂપ ઘટના હતી. એક યુગ વીતી ગયો. બીજો યુગ આરંભાયો. આપણા સૌનું આ સદ્‌ભાગ્ય જ ગણાય. કોઈપણ ભોગે માતૃભૂમિનું રક્ષણ કરવાની પ્રબળ ઈચ્છા શકિતને પરિણામે આપણે ચેતનવંતા રાષ્ટ્રનું નિર્માણ કરી શકયા. ૨૬ જાન્યુઆરી ૧૯૫૦ ના દિવસે ભારત પ્રજાસત્તાક બન્યું. આ દિવસને આપણે રાષ્ટ્રીય પર્વ તરીકે ઊજવીએ છીએ. આ ઊજવણી રૂઢિગત પરંપરા પ્રમાણે રાબેતા મુજબ કરી, રાષ્ટ્રધ્વજને સલામી આપીને સંતોષ માનવાને બદલે આપણે એ વિચારવું જોઈએ કે, આપણે આઝાદી શા માટે મેળવી ? આઝાદી એ આપણું સાધ્ય હતું કે સાધન હતું ? આપણે મેળવેલી આઝાદી સાર્થક સિધ્ધ થઈ છે ખરી ? જે આદર્શ રાષ્ટ્રનું નિર્માણ કરવાનું સ્વપ્ન આપણા રાજપુરુષોએ જોયું હતું તે આદર્શ રાષ્ટ્ર નિર્માણ થયું છે ખરું ? આઝાદીથી પરિપ્લાવિત-પ્રજાસત્તાક ભારતનું ચિત્ર આજે કેવું છે ? પ્રજાસત્તાક પર્વનો મર્મ આપણે સમજ્યા છીએ ખરા ? આપણું માનસ રાષ્ટ્ર પ્રત્યેની કર્તવ્ય ભાવનાને વીસરી તો નથી ગયું ને ? સ્વતંત્રતા પ્રાપ્ત કર્યા પછી અખંડ રાષ્ટ્રની એકતા, દેશદાઝ વગેરેનું બળ ઓસરી તો નથી ગયું ને ? મિત્રો, પેટ માટે નથી જીવવાનું; દેશ માટે જીવવાનું છે. માતૃભૂમિની માટીથી વધારે મૂલ્યવાન બીજું કશું ન હોઈ શકે. પ્રત્યેક ભારતવાસીએ રાષ્ટ્રીય એકતા વધે એવા અને સંકુચિત સ્થાનિકતા અને પ્રવેશવાદ ઓસરે એવા પ્રયત્નો કરવા જોઈએ અને અખિલ ભારતીય દ્રષ્ટિબિંદુ વિકસાવવું જોઈએ.

આપણે આપણાં નૈતિક, સામાજિક, આધ્યાત્મિક, સાંસ્કૃતિક મૂલ્યોને ઠેસ ન પહોંચે એ રીતે વિકાસ કરવા પ્રસન્નતાપૂર્વક પ્રતિબદ્ધ બનવું જોઈએ. નિર્બળતા-નિરાશા અને ભયને આપણે આપણામાંથી ભગાડવા પડશે. રાષ્ટ્રશકિતને નબળી પાડવા પ્રવૃત્ત તત્ત્વોનો નાશ કરવા માટેનો મિજાજ પ્રત્યેક દેશવાસીએ કેળવવાનો સંકલ્પ કરવો પડશે. કોઈ પણ રાષ્ટ્ર મહાન બને છે એની પ્રજાથી. માત્ર મહાન-મહાન-મહાનના નારાઓ લગાવવાથી દેશ મહાન નથી બની જતો. દેશની પ્રજાએ મહાનતાના ગુણ કેળવવા પડે છે. સ્વતંત્રતાના સુખનું મૂલ્ય સમજવું પડે છે; ગંભીરતાથી સમજવું પડે છે. ન્યાય, સામાજિક, આર્થિક અને રાજકીય ક્ષેત્રે આપણે વધારેમાં વધારે સક્ષમ બનીએ તે માટે શપથ લેવા પડશે. લીધેલા શપથને અનુસરવું પડશે. એમ કરીશું તો વિશ્વભરમાં એક સાર્વભૌમ, લોકશાહી પ્રજાસત્તાક રાષ્ટ્ર તરીકે આપણી આણ વર્તાશે.

કનૈયાલાલ મુનશીએ લખ્યું છે કે :

"ભારતીય સંસ્કૃતિ એ ચોતરફથી સીમિત એવું જલાશય નથી, એ તો કાળના પ્રવાહમાં અવિચ્છિન્ન રીતે આગળ વધતો પ્રવાહ છે. ભારતીય સંસ્કૃતિની પ્રાણશકિત યુગે યુગે નવી પરિસ્થિતિને સાનુકૂળ બને એવાં અભિગમ, શિસ્ત અને વલણોને ઘાટ આપતી રહી છે."

મુનશીજીના આ શબ્દો યાદ રાખીને અસાધારણ મનોબળ અને વિશિષ્ટ કર્તવ્યભાવના કેળવીએ અને ભારતીય સંસ્કૃતિના પ્રવાહને વધુ સ્વચ્છ અને વેગવંતો બનાવીએ. એટલું યાદ રાખીએ કે કોઈ પણ વ્યકિતના અસ્તિત્વનો સીધો સંબંધ એ જીવે છે - શ્વસે છે તે રાષ્ટ્રના અસ્તિત્વ સાથે હોય છે. દેશપ્રેમ છલકાય એવો વ્યવહાર આપણે કરીએ. શ્રદ્ધા અને નિષ્ઠાના પારિજાત ખીલવીએ. એક કવિએ લખ્યું હતું :

"તન સમર્પિત, મન સમર્પિત ઔર યહ જીવન સમર્પિત
ચાહતા હૂં દેશકી ધરતી તુઝે કુછ ઔર ભી દૂં"

રાષ્ટ્ર પ્રત્યે આવો પ્રબળ સમર્પણભાવ આપણે કેળવીએ. સૌને આજના પર્વની શુભકામનાઓ.

૩૧ જાન્યુઆરી, ૨૦૧૨

ડૉ. દક્ષેશ ઠાકર
કુલપતિ

# યુનિવર્સિટી ન્યૂઝ

## ૩૯મો યુવક મહોત્સવ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના પ્રાંગણમાં ત્રિદિવસીય ૩૯માં યુવક મહોત્સવ અને ખેલકૂદ રમતોત્સવનું ઉદ્દઘાટન તા. ૯-૦૧-૨૦૧૨ના રોજ ગુજરાતી રંગમંચની અભિનેત્રી સુશ્રી અપરા મહેતા દ્વારા કરવામાં આવ્યું હતું. તેમજ યુનિવર્સિટીના રમત ગમત મેદાનમાં કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકરના હસ્તે ધ્વજ વંદન સાથે રમતોત્સવનું ઉદ્દઘાટન થયું હતું. યુનિવર્સિટી પરિસરમાં કળા યાત્રા કાઢવામાં આવી હતી. જેમાં ૫ કોલેજના ૧૦૦ વિદ્યાર્થીઓ એ ભાગ લીધો હતો. 'વાંચે ગુજરાત', 'વિવિધતામાં એકતા', 'બેટી બચાવો' અને 'ભ્રષ્ટાચારના વિરોધમાં યુવાનો' જેવા સામાજીક વિષયો પર વિદ્યાર્થીઓએ યાત્રા કાઢી હતી.

યુનિવર્સિટીના કન્વેન્શન હોલમાં દિપ પ્રાગટયથી યુવક મહોત્સવનું ઉદ્દઘાટન કરવામાં આવ્યું હતું. મુખ્ય અતિથી સુશ્રી અપરા મહેતાએ વિદ્યાર્થીઓને પોતાની સુષુપ્ત કલા અને આવડતને ઓળખવું, તેનું પાલન કરવું અને યોગ્ય સ્થળે તેની રજૂઆત કરવા પર ભાર મૂકયો હતો. પ્રતિભાશાળી વિદ્યાર્થીઓએ પોતાને ભાગ્યશાળી માનવું જોઈએ કારણ કે, ભગવાને એમને કલાનો આશિર્વાદ આપ્યો છે. એમ એમણે જણાવ્યું હતું. પોતાના જીવન અને કારકીર્દીના રસપ્રદ પ્રસંગોનું ઉદાહરણ ટાંકતા તેમણે જણાવ્યું કે પ્રતિભાના વિકાસ માટે સારૂ વાતાવરણ અગત્યની ભૂમિકા ભજવે છે "જીવનમાં કશું સહેલું નથી અને પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી" એમ કહયું હતું.

કુલપતિશ્રી ડૉ. દક્ષેશભાઈ ઠાકરે તેમના અધ્યક્ષ પ્રવચનમાં જણાવ્યું કે, યુવક મહોત્સવ અને રમતોત્સવમાં સ્પર્ધા અને ઈર્ષા માટે કોઈ સ્થાન નથી અને આવા અવસરોમાં હાર જીત ગૌણ હોય છે. રમતવીરો અને કલા પ્રેમીઓએ આવા પ્રસંગોમાં સ્વાનંદ માટે ભાગ લેવો જોઈએ. ભૂતકાળ, વર્તમાનકાળ અને ભવિષ્યકાળ સાથે તેમણે કોલેજ કાળને ચોથો કાળ તરીકે ગણાવ્યો હતો અને વિદ્યાર્થીઓએ "આ કાળને વિકરાળ ન કરવો" એવું દિશા સૂચન કર્યું હતું. 'જે ચાલે છે, તે પડે છે, પડવું એ ગુનો નથી પરંતુ પડયા રહેવુ એ ગુનો છે' એવું ઉમેર્યું હતું. વિદ્યાર્થીઓને તેમણે સ્પર્ધાઓમાં ખેલદિલીથી ભાગ લેવાની સલાહ આપી હતી તેમજ આશીર્વાદ આપ્યા હતા.

આ સમારંભમાં સ્વાગત પ્રવચન શ્રી વિનોદભાઈ પટેલ અધ્યક્ષ બોર્ડ ઓફ સ્પોર્ટસ એ કર્યું હતું શ્રી કપિલ દેવ શુકલ, સહાયક નિયામક યુવક કલ્યાણ એ સુશ્રી અપરા મહેતાનો પરિચય આપ્યો હતો તેમજ આભાર વિધી કરી હતી. આ પ્રસંગે સિન્ડિકેટ સભ્યો ડૉ. અપૂર્વ દેસાઈ, ડૉ. કિશોરકુમાર એન. ચાવડા, શ્રી કિરીટ જે. વાસદીયા, શ્રી સંજય આઈ. દેસાઈ, શ્રી હેમંત જે. ટોપીવાલા, શ્રી દિપક આઈ. આફ્રિકાવાલા અને ડૉ. વિપીન ડી. નાયક હાજર રહયા હતા તેમજ કોલેજ અને યુનિવર્સિટીના પ્રાધ્યાપકો, પ્રિન્સિપાલશ્રીઓ, સેનેટ સભ્યો અને વિદ્યાર્થીઓ હાજર રહયા હતા.

કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકર એ ધ્વજારોહણ કરી ખેલકૂદ રમતોત્સવ નું ઉદ્દઘાટન કર્યું હતું અને બધાનું ઉષ્માભેર સ્વાગત કર્યું હતું. દિલ્હી પબ્લીક સ્કૂલના વિદ્યાર્થીઓના બેન્ડના તાલે ભાગ લેનાર ૯૯ જેટલી કોલેજો અને ડિપાર્ટમેન્ટના વિદ્યાર્થીઓએ મેદાનની કૂચ કરી હતી. સતત બીજી વખત ઈન્ટરકોલેજ બોકસીંગ ચેમ્પીયનશીપમાં સીલ્વર અને બ્રોન્ઝ મેડલ મેળવનાર કરણવીરસિંહ દ્વારા 'વ્યાયામ જયોત'ની આગેવાની કરવામાં આવી હતી.

આ વર્ષથી વિકલાંગ વિદ્યાર્થીઓ માટે રમતોનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે યુનિવર્સિટીના કુલપતિ ડૉ. દક્ષેશ ઠાકરે જણાવ્યું હતું કે આવતા વર્ષથી 'ખેલ મહાકુંભ'નું અલગથી આયોજન કરવામાં આવશે અને દોડવા માટે નેશનલ લેવલનો ટ્રેક બનાવવામાં આવશે. અને સાથે ખેલાડીઓના પ્રોત્સાહન માટે રમતક્ષેત્રના વિશિષ્ટ વ્યકિતને આમંત્રિત કરશે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, કુ.વૈશાલી બારૈયા અને કુ.પ્રિયાના પટેલ વર્લ્ડ યુનિ.ની બેડમિન્ટન પ્રતિયોગીતામાં આપણી યુનિ.નું પ્રતિનિધિત્વ કર્યું હતું.

આ ત્રણ દિવસીય ઉત્સવમાં ૯૯ કોલેજના ૧૦૦૦ વિદ્યાર્થીઓ ૩૬ જેટલી સ્પર્ધાઓમાં ભાગ લેશે અને ૧૪ જેટલી સાંસ્કૃતિક સ્પર્ધાઓમાં ૧૫૦૦ વિદ્યાર્થીઓ ભાગ લેશે.

## ૩૯મો યુવક મહોત્સવ પારિતોષિક વિતરણ સમારંભ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનો ૩૯મા યુવક મહોત્સવ અને ખેલકૂદ રમતોત્સવનો વિજયશ્રી પારિતોષિક વિતરણ સમારંભ તા. ૧૧-૦૧-૨૦૧૨ના રોજ સાંજે ૬.૩૦ કલાકે કન્વેન્શન હોલ ખાતે યોજાયો હતો.

આ સમારંભમાં ગુજરાતી રંગભૂમિ અને ટી.વી. સિરિયલના ખ્યાતનામ અભિનેતા શ્રી ધર્મેશ વ્યાસ ઉપસ્થિત રહયા હતા. સાથે તેમના પત્ની ખ્યાતનામ અભિનેત્રી સુરભી વ્યાસ પણ ઉપસ્થિત રહયા હતા. પ્રમુખપદે કુલપતિશ્રી દક્ષેશ ઠાકર હતા. સર્વ સિન્ડિકેટ સભ્યો, કુલસચિવશ્રી જે.આર. મહેતા, બોર્ડ ઓફ સ્પોર્ટસના ચેરમેન ડૉ. વિનોદ પટેલ, નિયામક શ્રી પોલ ડેવિડ અને સહનિયામક કપિલદેવ શુકલ પણ ઉપસ્થિત રહયા હતા.

મહોત્સવની વિવિધ સ્પર્ધાઓની પ્રથમ વિજેતા કૃતિઓનું મંચન કરવામાં આવ્યું હતું, જે ખૂબ જ રસપ્રદ અને પ્રભાવી રહયું હતું.

વિજયપત્ર અર્પણ કરતા શ્રી ધર્મેશ વ્યાસે પોતાના યુનિવર્સિટી સાથેના સંસ્મરણો વાગોળ્યા હતા. કળાના ક્ષેત્રમાં સંપૂર્ણ સમર્પણ વગર કશું શકય બનતું નથી એમ જણાવી કળાકારોને આગળ વધવા માર્ગદર્શન પૂરૂં પાડયું હતું. કુલપતિશ્રીએ જીવનના કોઈ પણ ક્ષેત્ર માટે કળા અભિન્ન અંગ છે અને આંતરિક વિકાસ માટે મહત્ત્વની પ્રવૃત્તિ છે એમ જણાવ્યું. કુલસચિવશ્રીએ આવકાર આપ્યો હતો. પ્રસંગોચીત વકતવ્ય ચેરમેનશ્રીએ આપ્યું હતું. ખેલકૂદ રમતોત્સવ અને યુવક મહોત્સવ વિશે તથા પરિણામોની જાહેરાત નિયામકશ્રી અને સહનિયામકશ્રીએ કરી હતી. સુંદર કાર્યક્રમ બાદ ભોજન લઈ સર્વ છૂટા પડયાં હતા.

## ૩૯મો યુવક મહોત્સવ : પરિણામ

**(૧) એકાંકી નાટક : સ્વ. દિપકલાલ મગનલાલ રેશમવાલા વિજયપત્ર** - પ્રથમ-અડધિયો (શ્રી જે.ડી. ગબાણી કોમર્સ કોલેજ, સુરત), દ્વિતીય- સજા (ડી.આર.બી. કોમર્સ કોલેજ, ભરથાણ, સુરત), તૃતીય-ધ ક્રાય (બેચલર ઓફ ફાઈન આર્ટસ, વી.ન.દ.ગુ.યુનિ., સુરત), મૃત્યુકર્તા (ઝેડ.એફ. વાડિયા વિમેન્સ આર્ટસ એન્ડ એન. કે. જહોટા કોલેજ ઓફ કોમર્સ, સુરત), શ્રેષ્ઠ દિગ્દર્શન પ્રથમ-શ્રી વત્સલ શેઠ, અડધિયો (શ્રી જે.ડી. ગબાણી કોમર્સ કોલેજ, સુરત). શ્રેષ્ઠ દિગ્દર્શન દ્વિતીય-ત્વિષા શાહ, સજા (ડી.આર.બી. કોમર્સ કોલેજ, ભરથાણા, સુરત). શ્રેષ્ઠ લેખન-શ્રી જયોતિ વૈદ્ય, અડધિયો (શ્રી જે.ડી. ગબાણી કોમર્સ કોલેજ, સુરત). શ્રેષ્ઠ સંગીત-શ્રી શૌનક પંડયા, સજા (ડી.આર.બી. કોમર્સ કોલેજ, ભરથાણ, સુરત). શ્રેષ્ઠ પ્રકાશ-શ્રી પૂનીત લોટવાળા, અડધિયો (શ્રી જે.ડી. ગબાણી કોમર્સ કોલેજ, સુરત). શ્રેષ્ઠ સન્નિવેશ-શ્રી ચેતન કણીયા, મૃત્યુકર્તા (ઝેડ.એફ. વાડિયા વિમેન્સ આર્ટસ એન્ડ એન. કે. જહોટા કોલેજ ઓફ કોમર્સ, સુરત). **ચં.ચી. મહેતા પારિતોષિક :**

શ્રેષ્ઠ અભિનેતા-૧. આદિત્ય ગોંડલિયા (શ્રી જે.ડી. ગબાણી કોમર્સ કોલેજ, સુરત) ૨. મૃણાલ (સાર્વજનિક કોલેજ ઓફ પર્ફોર્મિંગ આર્ટ, સુરત). શ્રેષ્ઠ અભિનેત્રી-૧. નિધિ રંગાટીયા (ડી.આર.બી. કોમર્સ કોલેજ, ભરથાણા, સુરત) ૨. લ્યુસી ગોસ્વામી (સી.જે. પટેલ વિદ્યાધામ કોમર્સ કોલેજ, સુરત). શ્રેષ્ઠ અભિનય : સરખે હિસ્સે-૧. વંદના (જે.બી. ધારૂકાવાલા મહિલા આર્ટસ કોલેજ, સુરત) ૨. તરંગ (જે.બી. ધારૂકાવાલા મહિલા આર્ટસ કોલેજ, સુરત) ૩. કૃપા પંડયા (પ્રો. વી.બી. શાહ ઈન્સ્ટી. ઓફ મેનેજમેન્ટ, અમરોલી) ૪. મોનિકા પટેલ (શ્રી જે.ડી. ગબાણી કોમર્સ કોલેજ, સુરત) ૫. કરુણા શાહ (સી.ડી. બરફીવાલા કોમર્સ કોલેજ, સુરત) ૬. હર્ષિદા નિકમ (શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડ) ૭. નિલમ મિસ્ત્રી (જે.ઝેડ. શાહ આર્ટસ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કોલેજ અમરોલી) ૮. ધૃતિ અવસ્થી (ઝેડ.એફ. વાડિયા વિમેન્સ આર્ટસ એન્ડ એન. કે. જહોટા કોલેજ ઓફ કોમર્સ, સુરત) ૯. નલિન (વિદ્યાભારતી ટ્રસ્ટ, ઉમરાખ) ૧૦. મયુર મોદી (સી.ડી. પચ્ચીગર કોલેજ ઓફ હોમિયોપેથી, સુરત) **(૨) સમૂહ નૃત્ય : મેમર્સ લક્ષ્મીચંદ ભગાજી વિજયપદ્મ**-પ્રથમ (સરકારી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, વાંસદા). દ્વિતીય (શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડ), (વનરાજ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ધરમપુર). તૃતીય (સી.ડી. પચ્ચીગર કોલેજ ઓફ હોમિયોપેથી, સુરત), (જે.ઝેડ. શાહ આર્ટસ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કોલેજ અમરોલી). પ્રોત્સાહન (ઝેડ.એફ. વાડિયા વિમેન્સ આર્ટસ એન્ડ એન. કે. જહોટા કોલેજ ઓફ કોમર્સ, સુરત), (શ્રીમતી જે.પી. શ્રોફ આર્ટસ કોલેજ, વલસાડ). **(૩) સમૂહ ગીત : સ્વ. ભગુભાઈ નાથુભાઈ જરીવાલા વિજયપદ્મ**-પ્રથમ-"ધનન ધનન ગરજે" (શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડ). દ્વિતીય-"રંગ વાદળી" (એસ.પી.બી. ઈંગ્લીશ મિડિયમ કોલેજ ઓફ કોમર્સ, સુરત) "માણસ ઉર્ફે રેતી ઉર્ફે" (વી.એસ. પટેલ કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ, બીલીમોરા). તૃતીય-"ઉમડ ઘુમડ ઘુમ ઘુમ" (સર કે.પી. કોલેજ ઓફ કોમર્સ, સુરત) "સમીર મંદ મંદ વાય" ઝેડ.એફ. વાડિયા વિમેન્સ આર્ટસ એન્ડ એન. કે. જહોટા કોલેજ ઓફ કોમર્સ, સુરત). પ્રોત્સાહન-"ઘન ઘેરા મેહુલીયા" (પી.ટી. સાર્વજનિક કોલેજ ઓફ સાયન્સ, સુરત) "સમદલ સભર" (પી.આર.બી. આર્ટસ એન્ડ પી.જી.આર. કોમર્સ કોલેજ, બારડોલી). **(૪) ગરબા : રોટરી કલબ ઓફ સુરત વિજયપદ્મ** - પ્રથમ (જે.ઝેડ. શાહ આર્ટસ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કોલેજ અમરોલી). દ્વિતીય (ડિપાર્ટમેન્ટ ઓફ બાયોસાયન્સ, વી.ન.દ.ગુ.યુનિ., સુરત). તૃતીય (એસ.પી.બી. ઈંગ્લીશ મિડિયમ કોલેજ ઓફ કોમર્સ, સુરત), (ઝેડ.એફ. વાડિયા વિમેન્સ આર્ટસ એન્ડ એન. કે. જહોટા કોલેજ ઓફ કોમર્સ, સુરત). પ્રોત્સાહન (શ્રી જે.ડી. ગબાણી કોમર્સ કોલેજ, સુરત), (બી.પી. બારીયા સાયન્સ કોલેજ, નવસારી). **(૫) એક વ્યકિત અભિનય : શ્રી ધનરાજ જે. પરમાર ચેરીટેબલ ટ્રસ્ટ વિજયપદ્મ** - પ્રથમ-નિલમ મિસ્ત્રી (જે.ઝેડ. શાહ આર્ટસ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કોલેજ અમરોલી). દ્વિતીય-ધિરેન્દ્ર મિશ્રા (ડિપાર્ટમેન્ટ ઓફ માસ કોમ્યુનિકેશન, વી.ન.દ.ગુ.યુનિ., સુરત). તૃતીય-તબરેઝ ચૌધરી (એમ.ટી.બી. આર્ટસ કોલેજ, સુરત), વ્યોમા આહિર (પી.ટી. સાર્વજનિક કોલેજ ઓફ સાયન્સ, સુરત). પ્રોત્સાહન-ધ્વની શુકલ (ડિપાર્ટમેન્ટ ઓફ ઈંગ્લિશ, વી.ન.દ.ગુ.યુનિ., સુરત), સિદ્દીકા કુરેશી (શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડ), આદિત્ય ગોંડલિયા (શ્રી જે.ડી. ગબાણી કોમર્સ કોલેજ, સુરત). **(૬) શાસ્ત્રીય નૃત્ય : સ્વ. કુસુમબેન નટવરલાલ જરીવાલા વિજયપદ્મ** - પ્રથમ-મનાલી નાતાલી (સાર્વજનિક કોલેજ ઓફ પર્ફોર્મિંગ આર્ટસ, સુરત). દ્વિતીય-નિધિ રંગાટીયા (ડી.આર.બી. કોમર્સ કોલેજ, ભરથાણા, સુરત). તૃતીય-મેઘા ભોઈવાલા (બેચલર ઓફ ફાઈન આર્ટસ, વી.ન.દ.ગુ.યુનિ., સુરત), બારૈયા પ્રીતિ (સાર્વજનિક કોલેજ ઓફ પર્ફોર્મિંગ આર્ટ, સુરત) **(૭) શાસ્ત્રીય કંઠય સંગીત : સ્વ. નટવરલાલ ભગુભાઈ જરીવાલા વિજયપદ્મ** - પ્રથમ-મિતાલી નાયક (એસ.પી.બી. ઈંગ્લીશ મિડિયમ કોલેજ ઓફ કોમર્સ, સુરત). દ્વિતીય-ધ્રુવ ટેલર (સાર્વજનિક કોલેજ ઓફ પર્ફોર્મિંગ આર્ટ, સુરત). તૃતીય-ચાંદની શાહ (વી.ટી. ચોકસી લો કોલેજ, સુરત). **(૮) હળવું કંઠય સંગીત : બેંક ઓફ ઈન્ડિયા વિજયપદ્મ** - પ્રથમ-પગ ઘુંઘરું બાંધ મીરા, ખેરાડીયા ધુમા (ડિપાર્ટમેન્ટ ઓફ એમ.એસસી. આઈ.ટી., વી.ન.દ.ગુ.યુનિ., સુરત). દ્વિતીય-તારા ઉપરની જયારથી શ્રધ્ધા, મિતાલી આર. નાયક (એસ.પી.બી. ઈંગ્લીશ મિડિયમ કોલેજ ઓફ કોમર્સ, સુરત), ચાલ રાખી, રોમીન મહેતા (શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડ). તૃતીય-તારું તે નામ વળી, જયદીપ ગોસ્વામી (એસ.વી. પટેલ કોલેજ ઓફ કોમર્સ સાયન્સ એન્ડ મેનેજમેન્ટ, સુરત), દયાનાં સાગર થઈને, શાહ આયુશી (સાર્વજનિક કોલેજ ઓફ પર્ફોર્મીંગ આર્ટસ, સુરત). **(૯) શાસ્ત્રીય વાદ્ય સંગીત (સ્વર વાદ્ય) : બારડોલી પ્રદેશ કેળવણી મંડળ વિજયપદ્મ** - પ્રથમ-પટેલ લલીત (વી.એસ. પટેલ કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ, બીલીમોરા). દ્વિતીય-રાહુલ પટેલ (સર કે.પી. કોલેજ ઓફ કોમર્સ, સુરત). તૃતીય-પલક શાહ (અખંડ આનંદ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, સુરત). **શાસ્ત્રીય વાદ્ય સંગીત (તાલ)** - પ્રથમ-અભિજ્ઞ શાસ્ત્રી (ડી.આર. પટેલ એન્ડ આર.બી. પટેલ કોમર્સ કોલેજ, ભરથાણા). દ્વિતીય-પ્રતિક તબલાવાલા (પી.આર.બી. આર્ટસ એન્ડ પી.જી.આર. કોમર્સ કોલેજ, બારડોલી). તૃતીય-કુલદીપ પાલ (આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ઓલપાડ). **(૧૦) હસ્તકળા : સ્વ. ઠાકોરભાઈ (ભાગોદ) વિજયપદ્મ** - પ્રથમ-પટેલ વિરલ (પી.આર.બી. આર્ટસ એન્ડ પી.જી.આર. કોમર્સ કોલેજ, બારડોલી), સેવક કેતુલ (ઉધના સીટીઝન કો.ઓ. બેંક કોમર્સ કોલેજ, સુરત). દ્વિતીય-ગાંધી સાગર (એસ.બી. ગાર્ડા કોલેજ આર્ટસ એન્ડ પી.કે. પટેલ કોલેજ ઓફ કોમર્સ, નવસારી), પૂજા જોષી (કે.બી.એસ. કોલેજ, વાપી). તૃતીય-ભાવીન પટેલ (એમ.આર.ડી.ઈ.ઈ.એલ.કે. કોમર્સ કોલેજ, ચીખલી), સુતરિયા પરિતા (સર્વોદય બી.એડ્. કોલેજ, સુરત). ચતુર્થ-પીન્કી અગ્રવાલ (ડી.આર.બી. કોમર્સ કોલેજ, ભરથાણા, સુરત), સતાની વિશાલ (જે.ઝેડ. શાહ આર્ટસ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી), પાટીલ સોની (ડિપાર્ટમેન્ટ ઓફ તુલનાત્મક સાહિત્ય, વી.ન.દ.ગુ.યુનિ., સુરત), હળપતી શ્યામ (સર કે.પી. કોલેજ ઓફ કોમર્સ, સુરત), અમૃતકર મિનલ (અંબાબા કોમર્સ કોલેજ, સાબરગામ). **(૧૧) શીઘ્ર ચિત્ર સ્પર્ધા** : પ્રથમ-ટંડેલ પરિમલ (શ્રીમતી જે.પી. શ્રોફ આર્ટસ કોલેજ, વલસાડ), અડવદીયા કિન્નરી (પી.આર.બી. આર્ટસ એન્ડ પી.જી.આર. કોમર્સ કોલેજ, બારડોલી). દ્વિતીય-કશ્યપ ભગત (જી.સી. પટેલ ઈન્સ્ટ.ઓફ આરર્કિટેકચર ફાઈન આર્ટ એન્ડ આઈ.ડી.વી.ન.દ.ગુ.યુનિ., સુરત), હળપતી શ્યામ (સર કે.પી. કોલેજ ઓફ કોમર્સ, સુરત). તૃતીય-પટેલ રવિ (એમ.આર.ડી.ઈ.ઈ.એલ.કે. કોમર્સ કોલેજ, ચીખલી), ચૌધરી વિજય (આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, વ્યારા). ચતુર્થ (પ્રોત્સાહન)-લાંગે રાજુ (નવયુગ આર્ટસ કોલેજ, સુરત), ગામીત મૃદુલા (ધી પાટીદાર ઝીન સાયન્સ કોલેજ, બારડોલી), કૌશલેન્દ્ર ચૌધરી (ડિપાર્ટમેન્ટ ઓફ બાયોસાયન્સ, વી.ન.દ.ગુ.યુનિ., સુરત), યાદવ રીન્કી (કે.બી.એસ. કોલેજ, વાપી), નવીન યાદવ (ગર્વમેન્ટ કોલેજ ઓફ આર્ટસ કોમર્સ એન્ડ સાયન્સ, દમણ). **(૧૨) કાવ્ય પઠન** : પ્રથમ-અન્સારી અફાક ઈવનિંગ કોમર્સ કોલેજ, સુરત. દ્વિતીય-રુકસાર બેગોલી (એસ.એસ. અગ્રવાલ આર્ટસ, કોમર્સ એન્ડ મેનેજમેન્ટ, નવસારી), રોનક બ્રહ્મભટ્ટ (કે.બી.એસ. કોલેજ, વાપી), તૃતીય-પન્નુ મનદીપકૌર (ડિપાર્ટમેન્ટ ઓફ ઈંગ્લીશ, વી.ન.દ.ગુ.યુનિ., સુરત). પદ્મિની પંડયા (પી.ટી. સાર્વજનિક કોલેજ ઓફ સાયન્સ, સુરત)

**(૧૩) પાદ્ પૂર્તિ :** પ્રથમ-જરીવાલા ડેનિશ (એમ.ટી.બી. આર્ટસ કોલેજ, સુરત), દ્વિતીય-પટેલ રશ્મિતા (વી.એસ. પટેલ કોલેજ ઓફ આર્ટસ, બીલીમોરા), શાહ ચુતિ (સી.ડી. પચ્ચીગર કોલેજ ઓફ હોમિયોપેથી, સુરત). તૃતીય-પટેલ અર્ચના (નર્મદા કોલેજ ઓફ સાયન્સ એન્ડ કોમર્સ, ભરૂચ), આહિર મિતેશ (બી.જે. પટેલ કોલેજ ઓફ એજયુકેશન, બારડોલી). (૧૪) નવલિકા લેખન : પ્રથમ-મોદી તન્વી (એમ.ટી.બી. આર્ટસ કોલેજ, સુરત). દ્વિતીય-દેસાઈ અંકિત અશોકભાઈ (ડિપાર્ટમેન્ટ ઓફ માસ કોમ્યુનિકેશન એન્ડ જર્નાલિઝમ, વી.ન.દ.ગુ.યુનિ., સુરત), પરમાર કૃતિકા (વી.ટી. ચોકસી લો કોલેજ, સુરત). તૃતીય-ઘીરવાડા કમલેશ (એસ.વી. પટેલ એન્ડ બિઝનેસ મેનેજમેન્ટ કોલેજ, સુરત), ખાતૂન કરિશ્મા (એસ.એસ. અગ્રવાલ આર્ટસ, કોમર્સ એન્ડ મેનેજમેન્ટ, નવસારી).

## Athletic Meet - 2012

**MEN. 100M. Run.** - (I) Vadvi Rajvi R. (Shah N. H. Comm. College, Valsad), (II) Abramam Pinkale K. (S.P.B. Eng. Med. Comm. College, Surat), (III) Pathan Mo.Shoaib Mo. S. (Navyug Comm. College, Surat), **200 M. Run.** (I) Chaudhari Sunil R. (Arts & Comm. College, Vyara), (II) Vadvi Rajiv R. (Shah N. H. Comm. College, Valsad), (III) Shaikh Mo. Shoaib Mo. S. (Navyuge Comm. College, Surat), **400 M. Run.** (I) Chaudhari Sunil R. (Arts & Comm. College, Vyara), (II) Chaudhari Naresh N.(Arts & Comm. College, Buhari), Bardiwala Mayur M. (C.P.D.P.Ed. Rajpipla. **800 M. Run.** (I) Chaudhari Sunil R. (Arts & Comm. College, Vyara), (II) Bardiwala Mayur M. (Shri C.P.D.P.Ed., Rajpipla), (III) Patel Kirit T. (Shri C.P.D.P.Ed., Rajpipla), **1500 M. Run.** (I) Chaudhari Sunil R. (Arts & Comm. College, Vyara), (II) Bardiwala Mayur M. (Shri C.P.D.P.Ed., Rajpipla), (III) Deshmukh Yogesh R. (Vanraj Arts & Comm. College, Dharampur), **5000 M. Run.** (I) Dadhav Raman S. (Shah N. H. Comm. College, Valsad, (II) Chaudhari Sunil R. (Arts & Comm. College, Vyara), (III) Raut Haresh J. (Vanraj Arts & Comm. College, Dharampur), **10000 M. Run.** (I) Raut Haresh J. (Vanraj Arts & Comm. College, Dharampur), (II) Chaudhari Rahul M. (Arts & Comm. College, Buhari), (III) Boba Agnel L. (Government College, Daman), **110 M. Run.** (I) Saidane Hardik S. (Shri C.P.D.P.Ed., Rajpipla), Arts & Comm. College, Bardoli. (III) Savaliya Pankaj R. (J.D. Gabani Comm. College, Varachha), **400 M. Hurd.** (I) Patel Kirit T. (Shri C.P.D.P.Ed., Rajpipla), (II) Chaudhari Rahul S. ( Arts & Comm. College, Mandvi), (III) Gamit Dharmesh N. (Arts & Comm. College, Vyara), **High Jump** (I) Mahla Jayesh M. (Govt. Arts & Comm. College, Vansada. (II) Mahla Rahul M. (Arts & Comm. College, Bardoli), (III) Bagul Ravindra S. (Arts & Comm. College, Chikhli), **Long Jump** (I) Bhoya Hitesh C. (Shah N. H. Comm. College, Valsad, (II) Dave Rahil S. (C. B. Patel Comm. College, Chovisi), (III) Shaikh Sohil C. (Arts Comm. College, Chovisi), **Triple Jump** (I) Patel Yogesh D. ( J. D. Gabani Comm. College, Varachha), (II) Pathan Faishal M. (Evening Comm. College, Surat), (III) Vasava Jignesh R. (Sir K. P. College of Comm. Surat), **Short Put** (I) Garuda Parth S. (D. R. B. Comm. College, Bharthana), (II) Bhandari Sarthi B. (Navyug Arts College, Surat), (III) Saikh Mohmad. S. (Navyug Arts College, Surat), **Discus Throw** (I) Jain Parasmal U. (Shri C. P. D. P. Ed., Rajpipla), (II) Pathan Akramkhan S. (M. T. B. Arts College, Surat), (III) Garuda Parth S. (D. R. B. Comm. College, Bharthana), **Javelin Throw** (I) Tandel Chirag R. (Shri C. P. D. P. Ed., Rajpipla), (II) Rudani Ashok T. (Navyug Comm. College, Surat), (III) Pathan Akramkhan S. (M. T. B. Arts College, Surat), Hammer Throw (I) Jain Parasmal U. (Shri C. P. D. P. Ed., Rajpipla), (II) Kalsariya Amit B. (Arts Comm. College, Chovisi), Vasava Vihang G. (Shri C. P. D. P. Ed., Rajpipla), **4 x 400 mts. Realy (I)**-(I) Chaudhari Vijay M. (Arts & Comm. College, Vyara), Gamit Dharmesh N., Vasava Amit R., Chaudhari Sunil R. (Arts & Comm. College, Buhari), **4 x400 mts. Realy (II)**- (II) Gamit Sanjay C., Patel Kirit T., Bardiwala Mayur M., Jain Parasmal U., (Shri C. P. D. P. Ed., Rajpipla). **4 x 400mts. Real (III)**-(III) Chaudhari Hiren M., Gamit Amir C., Chaudhari Naresh N. Gamit Ajit K., **4 x 100 mts. Realy (I)**- (I) Bhoya Hitesh C. Bagul Ashish S., Bhage Tridevsinh F., Vadvi Rajiv R., (Shah N. H. Comm. College, Valsad) **4 x 100 mts. Real (II)**-(II) Gamit Sanjay c., Bardiwala Mayur M., Saidane Hardik S., Chauhan Kripalsinh A. ( Shri C. P. D. P. Ed., Rajpipla). **4 x 100 mts. Realy (III)**-(III) Vasava Amit R. Chaudhari Vijay M., Gamit Dharmesh N., Chaudhari Sunil R. (Arts & Comm. College, Vyara). **Team Champion& Arts & Comm. College, Vyara. (Total Point 62), Runners-up Shri C.P.D.P.Ed., Rajpipla. (Total Point 36), Individual Champion (Men) Chaudhari Sunil R. Arts & Comm. Coll., Vyara. (Total Point 23), (Women)- 100m. Run.** (I) Soni Shreya M. (Sir K. P. College of Comm., Surat), (II) Gamit Ansu S., (III) Gamit Arpita R. (Arts & Comm. Coll., Vyara) **200 M. Run.** (I) Soni Shreya M., (Sir K.P.Comm. College, Surat), (II) Gamit Arpita R., (III) Gamit Neela S. (Arts & Comm. Coll., Vyara). **400 M. Run.** (I) Gamit Ansu S. (II) Gamit Ankita P., Bhoya (Arts & Comm. Coll., Vyara) Hemangi L. (Arts & Comm. College., Chikhli), **800 M. Run.** (I) Ganvit Reena S.(Vanraj Arts & Comm. College, Dharampur, (II) Gamit Anshu J. (III) Vasava Anjana B. (Arts & Comm. Coll., Vyara), **1500 M. Run.** (I) Ganvit Reena S. ( Vanraj Arts & Comm. College, Dharampur), (II) Gamit Ansu J., (Arts & Comm. Coll., Vyara), (III) Chaurashi Pooja N. (Uni. Dept. of M.Sc.IT.V.S.G.Uni., Surat), **3000 M. Run.** (I) Ganvit Reena S. ( Vanraj Arts & Comm. College, Dharampur), (II) Gamit Anshu J., (Arts & Comm. Coll., Vyara), (III) Vasava Anjana B., **100 M. Hurd.** (I) Ganvit Reena S. ( Vanraj Arts & Comm. College, Dharampur), (II) Kokni Martha K. (Arts & Comm. College, Vyara), (III) Chaudhari Pinkal C. (Govt. Arts & Comm. Col., Karchaliya) **GIRLS : Long Jump** (I) Soni Shreya M. (Sir K. P. College of Comm, Surat), (II) Kansara Kesha R. (S.P.B. Eng. Med. College, Surat), (III) Italia Dipeeka M. (Shri J. B. Dharukawala Varachha, Surat), **Triple Jump** (I) (Soni Shreya M. (Sir K. P. College of Comm, Surat), (II) Italia Dipeeka M. (Shri J. B. Dharukawala Varachha, Surat), (III) Kansara Kesha R. (S.P.B. Eng. Med. College, Surat), **High Jump** (I) Soni Shreya M. (Sir K. P. College of Comm., Surat), (II) Ganvit Reena S. (Vanraj Arts & Comm. College, Dharampur), (III) Italia Dipeeka M. (Shri J. B. Dharukawala Varachha, Surat). **Shot Put** (I) Saradhara Mital V. (M.T. B. Arts College, Surat), (II) Bhimani Varsha B. (Sir K. P. College of Comm., Surat), (III) Kamani Nilam D. (J.Z. Shah Arts & Comm. College, Surat). **Discus Throw** (I) Italia Dipeeka M. (Shri J. B. Dharukawala Varachha, Surat), (II) Gamit Sunita P. (Govt. Arts &

Comm., Songadh, (III) Kabra Ruchita H. (Evening Commerce College, Surat). **Jevelin Throw** (I) Patil Nirali I. (Arts & Comm. College, Jambusar), (II) Vasava Anju B. (Arts & Comm. College, Vyara), (III) Parmar Smita D. (Z.F.Wadia Women College, Surat). **4x100 mts. Realy** (I) Gamit Arpita R., Vasava Aniana B., Gamit Neela S., Gamit Ansu J. (Arts & Comm. College, Vyara). **4x100 mts Realy (II)** Bhimani Varsha B., Jani Shreya M., Gajjar Dipali B., Soni Shreya H.(Sir K.P. College of Comm., Surat). **4x100 mts. Realy** (III) Ganvit Reena S., Ganvit Pratiksha, Patel Saraswati K., Patel Vaishali A. (Vanraj Arts & Comm. College, Dharampur). Individual Champion (Women) Soni Shreya M. (Sir K.P. College of Commerce, Surat).

## Workshop

Dr. S.S. Godre of the Department of Physics participated in the DAE-BRNS Workshop on Hadron Physics held at BARC, Mumbai during 30-October to 04-November, 2011. He also participated and presented his research papers in the DAE Symposium on Nuclear Physics held at Andhra University, Visakhapatnam during 26-30 December, 2011. During this symposium he was selected to evaluate the thesis presentations for the award of C.V.K. Baba Prize of Indian Physics Association.




A two day workshop "Hands-on-Training on HPTLC" was conducted by the Department of Biosciences in collaboration with Department of Quality Assurance, Shri Dhanvantrary Pharmacy College, Kim and Anchrome enterprises Pvt. Limited, Mumbai. The workshop was attended by about 40 M.Pharm students and Research Scholars. The participants were given training on the principles of Thin Layer Chromatography and Application of High Performance Thin Layer Chromatography (HPTLC) in Quality control of pharmaceutical products and isolation, identification and quantification of secondary metabolites from herbal products.

## Seminar




Department of Biosciences, VNSGU has organized the following programs in the last two weeks. Seminar: Bird Rescue Management: A one day seminar was organized on 12-1-2012 on Bird Recue Management sponsored by Forest Department , Govt.of Gujarat. Dr.S.K.Tank was the coordinator of the seminar. In all about 150 students of various departments and NGOs participated in the seminar. The main theme of the seminar was Ahimsa- as said by Swami Vivekananda and how to save the birds from the Uttarayan Kite thread and how to treat the injured birds and save the lives of the birds. Six speakers from Nature club, Prayas, Veterinary college, Navsari and staff of the Department spoke on the different aspects of the bird injury treatment and management. 12 January also being the birthday of Swamy Vivekanand a slide show on the teachings and views of the Swamy Vivekananda was also organized at the Department.

## Lecture

As a part of extra / co-curricular activity, the Department of Statistics organized a special guest lecture for students of Statistics, Mathematics & MCA on "Statistical understanding and skills needed for analytical programmings" on 4th Jan. 2012 at Seminar Hall, Department of Computer Science, V. N. S. G. University by Dr. K.V. Palanichamy, Director of Bio-Statistics & Statistical Programming, INC, Gandhinagar. He provided very good informative guidelines on the needed skills for performing analytical understanding for solving problems. During the session of two hours, he discussed the statistical examples to develop the ability of understanding the statistical concepts in simple manner that a non-statistician person can understand in usual life. He was insistings on thinking the practical statistical examples that arises in routine life. He delivered the lecture in very light manner which was very much useful to the students. He has given some suggestions to improve the statistical thinking from his experience. He has also given some tips that are to be followed by the fresh students before going to interview. Dr. Krunal Palival, the Assistant Manager, INC, Gandhinagar answered the questions that arised from the students and teachers at the end of the session. At the end he massaged that think statistically, be pratical in life and try to implement statistical theory to the current issues.

Department of Biosciences has invited **Dr. P.B.Kavi Kishore, Professor, Department of Genetics, Osmania University, Hyderabad** to give a lecture on "Diversity of arsenate reductase genes (arsA, arsB and arsC) from arsenic tolerant bacteria and engineering bacterial cells for heavy metal remediation". Prof.Kavi Kishore has been working in the Field of Molecular Biology in the Department of Genetics for the last 30 years. He shared his experiences in the field of heavy metal pollution created by mining and the possible biotechnological methods and approaches to address the problem using engineered bacteria.

## કર્મચારી મંડળ

સને ૨૦૧૨ના વર્ષ માટે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, વહીવટી કર્મચારી મંડળે જાહેર કરેલ ચૂંટણીમાં હાલ એમ.આર.એસ. ભવન ખાતે ફરજ બજાવતા શ્રી મલેક એ.એચ. પ્રમુખપદ ઉપર તેમજ કમ્પ્યૂટર સાયન્સ વિભાગના શ્રી કમલેશ એન. સગર મંત્રીપદ ઉપર બિનહરીફ વિજેતા જાહેર થયા હતા. તથા ઉપપ્રમુખપદ ઉપર અનુક્રમે

શ્રી શંકરભાઈ પરમાર તથા જનક આર. મહેતા બિન હરિફ ચૂંટાઈ આવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, શ્રી મલેક હાલમાં પરા યુવક મંડળ, ઓલપાડ, ભાઈ ભાઈ સ્પોર્ટ કલબ ઓલપાડના પ્રમુખપદે તથા મૌલાના આઝાદ પ્રા. શાળા, મુન્શી મેમોરીયલ એજયુકેશન ટ્રસ્ટના માનદ મંત્રી પદે સેવા આપી રહયા છે. તેમજ ઓલપાડ તાલુકાની અન્ય ૧૮ (અઢાર) જેટલી સામાજીક સંસ્થાઓમાં પ્રમુખ તથા મંત્રી પદે સેવા બજાવી રહયા છે. શ્રી મલેક તથા શ્રી કમલેશ સાગર, પ્રમુખ અને મંત્રી પદે બિનહરીફ જાહેર થતાં કર્મચારીગણમાં ખુશીની લહેર જોવા મળી છે.

## સ્વામી વિવેકાનંદ જન્મ જયંતી

તા. ૧૨-૧-૨૦૧૨ના રોજ સ્વામી વિવેકાનંદની ૧૫૦મી વર્ષગાઠ નિમિત્તે ગણિતશાસ્ત્ર વિભાગમાં આ દિવસની ઉજવણી માટે નીચે મુજબના એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સવારે ૯.૦૦ કલાકે વિભાગના તમામ વિદ્યાર્થીઓ, અધ્યાપકો તથા સ્ટાફના સભ્યો ભેગા થયા હતાં અને ગણિતશાસ્ત્ર વિભાગથી શરૂ કરી યુનિવર્સિટીના કેમ્પસને આવરી લેતી સુત્રોચ્ચાર વિનાની શાંત તેમજ શિસ્તબધ્ધ એક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ગણિતશાસ્ત્ર વિભાગની સામેના બાગમાં વિભાગના વિદ્યાર્થીઓ તથા સ્ટાફના સભ્યોએ મુકતપણે ખુલ્લા વાતાવરણમાં સ્વામીજીના જીવન વિશેના વિચારો તથા માહિતીની આપ-લે કરી હતી. આ ઉપરાંત સાયન્સ ભવનના સ્વામી વિવેકાનંદ હોલમાં સ્વામીજીના જીવન વિશે તથા તેમના વિચારો દર્શાવતી ડોકયુમેન્ટરી ફિલ્મ દર્શાવવાનું આયોજન કરાયું હતું. આ દરમ્યાન ભૌતિકશાસ્ત્ર વિભાગના વડા ડૉ. કે.સી. પોરીયાએ સ્વામીજીના જીવન વિશે તથા તેમના ધ્યેય અને સિધ્ધી વિશેની જાણકારી આપી હતી આ ઉપરાંત હાજર રહેલ વિદ્યાર્થીઓ પૈકી એક વિદ્યાર્થીએ સ્વામીજીના વિચારો પ્રકટ કર્યા હતા. ગણિતશાસ્ત્ર વિભાગના વડા ડૉ. એચ.ડી. ડોકટરે આ કાર્યક્રમનું સફળતાપૂર્વક સંચાલન કર્યું હતું તથા ટેકનિકલી સહાયક તરીકે ડૉ. કૌશલ બી. પટેલે તેમજ ભાવેશ સુરતીએ સુંદર કામગીરી કરી હતી. ઉપરોકત સમગ્ર કાર્યક્રમમાં ભૌતિકશાસ્ત્ર તેમજ આંકડાશાસ્ત્ર વિભાગના વિદ્યાર્થીઓ તથા સ્ટાફના સભ્યો હાજર રહયા હતા.

## સ્પર્ધા



આર.ટી.એમ. યુનિવર્સિટી, નાગપુર મુકામે આંતર યુનિવર્સિટી ટેબલ-ટેનિસ (ભાઈઓ/બહેનો) ટુર્નામેન્ટમાં ભાગ લેવા જનાર ટીમનો શુભેચ્છા સમારંભ કુલપતિશ્રી ડૉ. દક્ષેશભાઈ ઠાકરના પ્રમુખ પદે તથા કુલસચિવશ્રી જે.આર. મહેતાના અતિથિ વિશેષ પદે યુનિવર્સિટી પરિસર ખાતે યોજાયો હતો. મહાનુભાવોએ યુનિવર્સિટીનું નામ રમત-ગમત ક્ષેત્રે કિર્તિમાન કરવા ખેલાડીઓને શુભેચ્છા પાઠવી, યુનિવર્સિટી ટીમમાં પસંદગી પામનાર ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા. યુનિવર્સિટીના સ્પોર્ટસ ડાયરેકટરશ્રી પોલ ડેવિડે ખેલાડીઓનો પરિચય કરાવ્યો અને આભારવિધિ કરી હતી. આ ટીમના કોચ શ્રી મોહંમદ ધુપ્લી અને મેનેજર તરીકે શ્રી અમીત પટેલ સેવા આપી રહયા છે. ટીમ : ૧. શ્રી દેસાઈ ભાવિન એન., ૨. શ્રી દેસાઈ મંથન પી., ૩. શ્રી દેસાર ભાર્ગવ ડી., ૪. શ્રી ડેવિડ સાલોમ સી., ૫. શ્રી જેલાની જુલકીત આઈ., ૬. કુ. ચીપીયા ઝેના એમ., ૭. કુ. રાવ સ્તુતી એન., ૮. કુ. ઈટાલીયા ઉર્વીશ પી., ૯. કુ. મોહારવાલા લેશા બી.

# કોલેજ ન્યૂઝ

## સ્વામી વિવેકાનંદ જન્મ જયંતી

- શિક્ષણ ભારતી કોલેજ ઓફ એજયુકેશન, સુરતમાં સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણી થઈ. આ કાર્યક્રમમાં તાલીમાર્થીઓ દ્વારા વિવેકાનંદજીના જીવન પ્રસંગો અંગે વિવિધ વકતવ્યો અને પ્રેરક પ્રસંગોની રજૂઆત કરવામાં આવી. આ પ્રસંગે પ્રા. ભાવિના દેસાઈ અને પ્રા. રાજેન્દ્રભાઈ ચૌધરીએ પણ વિવેકાનંદજીના જીવન પ્રસંગો વિશે વકતવ્યો આપ્યા હતા. અંતે સ્વામી વિવેકાનંદ વિશે નિબંધલેખન સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન પ્રા. ડૉ. અનિલ આર. સિંઘ અને પ્રા. રાજેન્દ્રભાઈ ચૌધરી દ્વારા કરવામાં આવ્યું હતું.
- ભગવાન મહાવીર કોલેજ ઓફ એજયુકેશન (એમ.એડ્.), સુરતમાં સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જયંતીના અનુસંધાનમાં એમ.એડ્.ના તાલીમાર્થીઓ દ્વારા સ્વામી વિવેકાનંદની વાતો, પ્રસંગો, કાવ્યપઠન, તેમની શિકાગો ધર્મ પરિષદનુ ભાષણ અને એકપાત્રીય અભિનય રજૂ થયું. આચાર્યશ્રી નિહારિકા પટેલના માર્ગદર્શન હેઠળ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કિંજલ ચૌહાણ અને નિત્તલ ચૌધરીએ કર્યું.
- શ્રીમતી કુસુમબેન કડકીયા આર્ટ્સ અને કોમર્સ કોલેજ , અંકલેશ્વરના રાષ્ટ્રીય સેવા યોજના દ્વારા સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જન્મજયંતીની ઉજવણીના ભાગરૂપે ભારતીય વિચાર મંચના અધ્યક્ષ તથા નર્મદા કોલેજ વહીવટી કર્મચારી શ્રી વિજયભાઈ શાહે વકતવ્ય આપ્યું હતું. "આજના સમયની આવશ્યકતા એ આજના યુવાનો છે. સમાજે એષ્ઠત્વ તરફ કઈ રીતે લઈ જવું તેનું સામર્થ્ય યુવાનોમાં છે." કાર્યક્રમની પૂર્વભૂમિકા કોલેજના આચાર્ય ડૉ. જગદીશ ગૂર્જરે બાંધી હતી. આ વ્યાખ્યાનની કામગીરી એન.એસ.એસ. પ્રો.ઓ. ડૉ. વર્ષા પટેલ તથા ડૉ. જયશ્રી ચૌધરીએ પૂર્ણ કરી.
- સર કે.પી. કોલેજ ઓફ કોમર્સ, સુરતમાં તા. ૧૨-૧-૧૨ના રોજ સ્વામી વિવેકાનંદની જન્મજયંતી પ્રસંગે (૧) આધુનિક ભારતની સમસ્યાઓ અને સ્વામી વિવેકાનંદ (૨) શિકાગો અને વિશ્વધર્મ પરિષદ (૩) સ્વામી વિવેકાનંદ અને આજના યુવાનો (૪) ભારત શા માટે હજીએ જીવે છે ? (૫) ભારત વિશ્વવિજયી કેવી રીત બની શકે ? (૬) સ્વામી વિવેકાનંદનું ભારત અને વિશ્વને પ્રદાન, વિષયો પર નિબંધ સ્પર્ધાઓ યોજાઈ ગઈ. નિર્ણાયક તરીકે પ્રા. ટી.એસ. સુખડવાલાએ સેવા આપી.
- વલસાડની શાહ એન.એચ. કોમર્સ કોલેજ ખાતે સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જન્મજયંતીની ઉજવણીના ભાગરૂપે સ્વામીજીના રેખાચિત્રની સ્પર્ધા યોજવામાં આવી હતી. જમાં ચોવીસ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. નિર્ણાયક તરીકે સરસ્વતી ઈન્ટરનેશનલ સ્કૂલના શિક્ષિકા શ્રીમતી હેતલ દેસાઈએ સેવા આપી હતી. પ્રથમ-કુ.નીતિ એચ. પટેલ, દ્વિતીય-કુ.પ્રિયંકા પરમાર, તૃતીય-અંજલિ દરજી વિજેતા જાહેર થયા હતા. પ્રા. ટી.જી. પટેલે પ્રથમ વિજેતાને રૂા. ૫૦૧/- રોકડ ઈનામ આપી સ્પર્ધકોને પ્રોત્સાહિત કર્યા હતા. તથા જનરલ સેક્રેટરી કુ.યામિની ટંડેલે વિવેકાનંદજીએ યુવાનોને ઉદ્દેશીને યુવાનોને અભિપ્રેરણા પૂરી પાડી છે તેવા તેમના કવોટેશન સ્વામીજીના પ્રવચનો અને તેમણે લખેલા પત્રોને આધારે માઈક પરથી તમામ વિદ્યાર્થીઓને ઉદ્દેશીને વાંચી સંભળાવ્યા.



નવયુગ સાયન્સ કોલેજ, સુરતમાં સ્વામી વિવેકાનંદ જયંતી ઉપલક્ષે સિવિલ સર્વિસીઝ અંગે વિશેષ માર્ગદર્શન મળે તે હેતુ સાથે "સંભવ" પ્રકલ્પ હેઠળ યુવકોને પ્રકલ્પના ભાવિ કાર્યક્રમ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. માર્ગદર્શક તરીકે સરદાર પટેલ ઈન્સ્ટીટયુટ ઓફ પબ્લિક એડમીનીસ્ટ્રેશનનાં જોઈન્ટ ડાયરેકટર શ્રી જે.એમ. આચાર્ય, સંભવ પ્રકલ્પના પ્રોજેકટ ઈન્ચાર્જ શ્રી હિમાંશુભાઈ ભટ્ટ અને શ્રી જીતુભાઈ દેસાઈ ઉપસ્થિત હતા. શ્રી શ્રી જે.એમ. આચાર્યે 'IAS-IPS'ની તૈયારી કઈ રીતે કરવી અને તે માટે તે માટે વિદ્યાર્થીઓને તૈયાર કરવા વિસ્તૃત વિગત આપી હતી. શ્રી હિમાંશુભાઈએ વિદ્યાર્થીના જીવન ઘડતર કક્ષાએ લેવાતી વહીવટી પરીક્ષાઓની તૈયારી કરવા માટે પ્રેરિત કર્યા હતા. પ્રશ્નોત્તરી દરમ્યાન વિદ્યાર્થીઓએ અનેક પ્રશ્નો પુછયા અને તેમના સંતોષકારક ઉત્તરોઉપસ્થિત માર્ગદર્શકો દ્વારા અપાયા હતા. આચાર્યશ્રી ડૉ. અશ્વિનભાઈ પટેલે આવકાર પ્રવચનમાં વિદ્યાર્થીઓને પ્રેરક ઉદ્‌બોધન કર્યું અને આંબેડકર ટ્રસ્ટને આ કાર્યક્રમ નવયુગ સાયન્સ કોલેજમાં કરવા બદલ ટ્રસ્ટનો આભાર માન્યો હતો. સુરતની વિવિધ કોલેજના વિદ્યાર્થીઓ આ માર્ગદર્શન કાર્યક્રમમાં ઉપસ્થિત રહયા હતા.

શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ્. કોલેજ, પાડેસરામાં વિવેકાનંદજીની જન્મજયંતી પ્રસંગે તાલીમાર્થીઓએ વિવેકાનંદજીની પ્રતિમા કોલેજને અર્પણ કરી અને સ્વામીજીનું શિકાગો ધર્મસભામાં અપાયેલું વકતવ્ય સંભળાવવામાં આવ્યું અને તેમાન જીવનસંદેશ અંગેનું મલ્ટીમીડિયા પ્રેસન્ટેશનનું નિદર્શન થયું હતું અને સ્વામીજીના અંશોને અનુરૂપ નાટક રજૂ કર્યું હતું.

સ્વામી નારાયણસ્વરૂપ બી.એડ્. કોલેજ, અંકલેશ્વરમાં સ્વામી વિવેકાનંદની જન્મજયંતી પ્રસંગે શીઘ્ર વકતૃત્વ સ્પર્ધા અને સ્વામી વિવેકાનંદના જીવન કવન પર કિવઝ કોમ્પીટીશનનું આયોજન કરાયું હતું. ગૃપ "એ" માં મન્સુરી રેહાના, પટેલ રીંકુ, શાહ ફજીલાબાનું, પટેલ ફરજાના, ગૃપ "બી" માં મન્સુરી આશિયા, બોરાદારા સંઘ્યા, શેખ સમીરા, ગૃપ "સી" માં બારડ વીરભદ્ર, પટેલ હિના, પટેલ કૃતિકા, પરમાર ભાવના, પરમાર કમલેશ, ગૃપ "ડી"માં મોદી રીનલ, રેવણે નમ્રતા, શેખ સેહનીલા, સોલંકી વૈશાલી રહયા હતા. પ્રથમ નંબરે ગૃપ એ, જયારે દ્વિતીય નંબરે ગૃપ "સી" તૃતીય નંબરે "બી" અને "ડી" વિજેના થયા હતા. ત્યાર બાદ "સ્વામી વિવેકાનંદના જીવન કવન અને એના કાર્ય" પર વકતૃત્વ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં પ્રથમ-બારડ વીરભદ્રસિંહ, દ્વિતીય-શેખ સેહનીલા, તૃતીય-શેખ સમીરા આવ્યા હતા. વકતૃત્વ સ્પર્ધામાં નિર્ણાયકની ભૂમિકા પ્રા. સુરેશભાઈ દેવધા, અને પ્રા. કૌશલ એચ. પારેખે ભજવી હતી. અને કિવઝ કોમ્પીટીશનનું સંચાલન પ્રા. કૌશલભાઈ પારેખે કર્યું હતું. તેમજ નિર્ણાયકની ભૂમિકા પ્રા. વાસંતીબેન પરમારે ભજવી હતી.

બી.જે. પટેલ કોલેજ ઓફ એજયુકેશન બારડોલીમાં સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે તેમના જીવન પ્રસંગને દર્શાવતા પ્રસંગોને લગતા વકતવ્યોનું આયોજન કરવામાં આવ્યું હતું. તાલીમાર્થીમિત્રોએ સ્વામી વિવેકાનંદના જીવન-કવન ઉપર વકતવ્યો આપ્યા હતા. આ દિવસે તાલીમાર્થીમિત્રોએ બારડોલીનગરમાં આવેલ ઐતિહાસિક સરદાર મ્યુઝિયમની મુલાકાત પણ લીધી હતી.

સ્વામી વિવેકાનંદની જન્મજયંતી પ્રસંગે બીલીમોરાની બી.એડ્.ની તાલીમી કોલેજના પરિવારે સ્વામી વિવેકાનંદના જીવનની યાદગાર ઘટનાઓ, એમનો સંઘર્ષ, એમના શિક્ષણ સંબંધી વિચારો અને સાંસ્કૃતિક ઉત્કર્ષના એમના ભવ્ય યોગદાનને પોતાના મૌલિક વિચારોમાં વ્યકત કર્યા હતા. પ્રા. ડૉ. મનસુખભાઈ પટેલે સ્વામી વિવેકાનંદના જીવનની દુર્લભ આધ્યાત્મિક સંદર્ભની બાબતો આગવી શૈલીમાં રજૂ કરી હતી. લાયબ્રેરીયન શ્રી કૌશલભાઈએ યુવાશકિતવર્ષ તરીકે ઉજવનાર ૨૦૧૨ના વર્ષ દરમ્યાન વિવેકાનંદના સાહિત્યના સતત વાંચનનો અનુરોધ કર્યો હતો. ઈ.ચા. શ્રી ડૉ. કિશોરભાઈ નાયકે જણાવ્યું હતું કે શિક્ષકો વિવેકાનંદના વિચારોને ટપાલીની જેમ માત્ર માહિતી સ્વરૂપે બાળકોને પહોંચાડવાને બદલે આ યુગ પુરૂષના વિચારોને શિક્ષકો માળીની જેમ વિદ્યાર્થીઓમાં ઉછેરવાની ભૂમિકા ભજવે એ અપેક્ષિત છે. અન્ય અધ્યાપકોએ પણ પોતાના વિચારો દ્વારા સમગ્ર કાર્યક્રમને જીવંત બનાવ્યો હતો.

## ઉજવણી

સર કે.પી. કામર્સ કોલેજ, સુરતમાં મોટીવેશન ડેની ઉજવણી પ્રસંગે આર્ટ ઓફ લિવીંગ, સુરતના શ્રી મનિષ માલીનું યુથ પાવર વિષય પર વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું. તથા સુટ એન્ડ સાડી ડેની ઉજવણી પ્રસંગે રમતવીરોની બાયોગ્રાફી જેવા પુસ્તકોનું પ્રદર્શન ગોઠવવામાં આવ્યું હતું.

જે.ઝેડ. શાહ આર્ટ્સ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કોલેજ, સુરત ગ્રાન્ટેડમાં એઈડ્સ એવરનેશ કાર્યક્રમનું તા. ૩૦-૧૧-૧૧ના રોજ સીડી દ્વારા કરવામાં આવ્યું જેમાં રોડ રેલી પણ આયોજીત કરવામાં આવી તા. ૨-૧૨-૧૧ના રોજ વર્ષનો ત્રીજો બ્લડ ડોનેશન કેમ્પ કરવામાં આવ્યો. વિદ્યાર્થી સભા દ્વારા ગૃપ ડે, ફ્રેડશીપ ડે, ડીફેન્સ ટ્રેનીંગ કેમ્પ, ટીવન્સ ડે અને શસ્ત્ર દિવસના રોજ વિદ્યાર્થીઓ પાસે ફંડ એકત્રિત કરવામાં આવ્યું. કોલેજના વિકાસ માટે બીજા કોર્ષો ઉભા કરવા ઈગ્નુ દ્વારા વેરિફિકેશન કરવામાં આવ્યું. વિદ્યાર્થીઓ ટિચર્સ ડે, પી.ટી. ટુટોરિયલ ડે, બલુન ડે, જીવન સુરક્ષા દિવસ, સોસાયટી ચેરિટી ડે, માતૃપિતૃ વંદના ડે વિગેરેનું આયોજન કરવામાં આવ્યું.

## એન.એસ.એસ.

જે.ઝેડ. શાહ આર્ટ્સ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીની કુ. ભારતી પ્રધાન દિલ્હીમાં યોજાનાર ૬૩માં પ્રજાસત્તાકદિન પરેડ ૨૦૧૨ માટે પસંદગી પામ્યા છે.

નેશનલ યુથ ફેસ્ટિવલ મેંગલોર (કર્ણાટક) ખાતે રાષ્ટ્રીય સેવા યોજનાના સ્વયંસેવિકા કુ. રેણુકા પી. પટેલ, યુનિવર્સિટીનું પ્રતિનિધિત્વ કરશે. તા. ૧૨ થી ૧૬મી જાન્યુઆરી ૨૦૧૨ સુધી તેઓ સાંસ્કૃતિક કાર્યક્રમમાં પ્રતિનિધિત્વ કરશે.

## આરોગ્ય

સર કે.પી. કોમર્સ કોલેજ, સુરતમાં તા. ૨૦-૧૨-૧૧ના રોજ રકતદાન કેન્દ્ર, ચાંલ્લા ગલી યુવક મંડળ તથા કોલેજના એસ.એસ.એસ.ના ઉપક્રમે યોજાયેલ રકતદાન શિબિરમાં ૧૩૨ બોટલ રકત એકત્રિત કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆતમાં પ્રિ. યુ.ટી. દેસાઈએ રકતદાનનું મહત્વ સમજાવ્યું હતું.

વી.એસ. પટેલ કોલેજ ઓફ આર્ટ્સ-સાયન્સ, બીલીમોરામાં એન.એસ.એસ., એન.સી.સી. અને રોટરી કલબ, બીલીમોરાના સહયોગથી યોજાયેલ રકતદાન શિબિરમાં ૪૫ રકતબેગ એકિત્રત કરવામાં આવી હતી. રકતદાતાઓને પ્રા. જયંતભાઈ પટેલ તરફથી સ્મૃતિભેટ આપવામાં આવી હતી.

સી.એન. કોઠારી હોમિયોપેથીક મેડીકલ કોલેજ સંલગ્ન કાળીદાસ હોસ્પિટલ, વ્યારા આયોજીત દ્દ્રો સર્જીકલ કેમ્પ તા. ૬-૦૧-૨૦૧૨ થી તા. ૮-૦૧-૨૦૧૨ દરમ્યાન યોજવામાં આવ્યો હતો. જેમાં ૧૭૫ દર્દીઓની તપાસ થઈ, ૧૪૪ દર્દીઓના ૧૨૭ ઓપરેશનો કરવામાં આવ્યા. આમ કુલ ૬ કેમ્પ મળી ૯૨૩ જેટલાં ઓપરેશનો વિનામૂલ્યે કરવામાં આવ્યા. આ કેમ્પના મુખ્ય દાતા તરસાડીયા ફાઉન્ડેશન, શ્રી જયંતિભાઈ (આફ્વા) તથા બીપીનભાઈ હિરા (પેરા) હતા. આ કેમ્પનું ઉદ્‌ઘાટન શ્રી ભીખુભાઈ યુ. પટેલ તેમજ ડૉ. નિતિનભાઈ શાહ તથા અન્ય દાતાશ્રીઓના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ડૉ. નિતિનભાઈ શાહે જણાવ્યું હતું કે છેલ્લા છ કેમ્પ થી આ વિસ્તારના ગરીબ દર્દીઓના વિનામૂલ્યે ઓપરેશન દ્વારા અમારા દાનનો સદ્‌ઉપયોગ થતો જોઈ અમને સંતોષ થાય છે. ટ્રસ્ટના ટ્રસ્ટીશ્રી દિનેશભાઈ ભટ્ટે જણાવ્યું હતું કે, આ સંસ્થા દ્વારા ૮૦૦ જેટલા ઓપરેશનો વિનામૂલ્યે કરી અત્યાર સુધીમાં ગરીબ લોકોના એક કરોડ અને વીસ લાખ જેટલી રકમ બચાવી છે. આ કેમ્પમાં વાપી, નવસારી, ડાંગ અને નર્મદા જિલ્લાના છેવાડાના ગામોના ગરીબ આદિવાસીઓના ઓપરેશન વિનામૂલ્યે કરવામાં આવ્યા છે. આ કેમ્પમાં ટ્રસ્ટીઓ, હોદ્દેદારો, હોમિયોપેથીક કોલેજનો સ્ટાફ, કાળીદાસ હોસ્પિટલનો સ્ટાફ તથા ડોકટરો, ઈર્ન્ટનીઓએ ખડે પગે સેવા આપી હતી. કેમ્પનું આયોજન અને વ્યવસ્થામાં સંસ્થાના એડીશનલ ડાયરેકટર ડૉ. અજયભાઈ દેસાઈ, પ્રિ. અને હોસ્પિટલના મેડીકલ સુપ્રિન્ટેન્ડેન્ટ ડૉ. જયોતિ રાવ અને ડેપ્યુટી મેડીકલ સુપ્રિન્ટેન્ડેન્ટ ડૉ. મીનાબેન કાલરાનું માર્ગદર્શન અને સંકલન મહત્વના હતા.

## વાચન વિશેષ

### પુસ્તક પરિચય

**હું : એક વિચિત્ર વ્યકિતની દેહાત્મકથા (આત્મકથા)**

લેખક : સ્વામી શ્રીકાન્ત આપટે
અનુવાદક : મનુ પંડિત
પ્રકાશક : અમદાવાદ : ગુજરાતી સાહિત્ય પરિસદ, ૨૦૦૨
કિંમત રૂા. ૭૦-૦૦. પૃ. ૨૦+૧૨૮

ભારતીય સંસ્કાર કેન્દ્ર, ડાકોર પ્રકાશનશ્રેણી : પુસ્તક : ૧ એટલે 'હું : એક વિચિત્ર વ્યકિતની દેહાત્મકથા', મહાત્મા ગાંધીજી અને વિનોબા ભાવેની સેવાઓના અદના અને પ્રકાશમાં નહિં આવેલા સેવક એટલે શ્રીકાન્ત આપટે.શ્રીકાન્ત આપટે પ્રખ્યાત નથી પરંતુ આ કથા જરૂર પ્રખ્યાત છે. સ્વામી શ્રીકાન્ત આપટેજી ભગવાં વસ્ત્ર ન પહેરનારા પણ લાંબી સફેદ દાઢી રાખનાર, આજન્મ કર્મશીલ સંન્યાસી અને અવિરત આત્મચિંતન કરનાર રાષ્ટ્રભકત સાધપુરુષ છે. નકકર કાર્ય જે તેમનું જીવન રહયું એટલે જ તેઓ સિધ્ધિ પામ્યા નથી. મહારાષ્ટ્રમાં જન્મેલ, ગુજરાતમાં સુરત પાસે 'રાંદેરવાસી' અને પછી ૧૯૫૮ની સાલથી પંજાબની ધરતી પર સ્થાયી થયા. તેઓ કહે છે કે "મને હવે સ્પષ્ટ સમજાઈ ગયું છે કે મેં મહારાષ્ટ્ર ખોયું તો ગુજરાત મેળવ્યું, ગુજરાત ખોઇને પંજાબ મેળવ્યું, હવે પંજાબ ખોઇને પરમેશ્વરની પ્રાપ્તિ એ મારે માટે નિશ્ચિત છે.'

એક પ્રયોગશીલ, વિદ્વાન, વિચારકની આ આત્મકથા વાચકને વાંચવી ગમશે. પોતાનું આત્મવૃતાંતનું શીર્ષક એમણે ટૂંકુ રાખ્યું છે અને એનો અર્થ પણ તેમણે જ તારવી આપ્યો છે : " 'હું' એટલે શરીર, 'હું' એટલે આત્મા." લેખકનું લખાણ બુધ્ધિપ્રધાન નહી પરંતુ ભાવનાપ્રધાન છે. શૈલી રસવંતી અને રમતિયાળ છે. એમના ચિત્રવિચિત્ર અનુભવની કથા આ પુસ્તકમાં સમાયેલી છે. પુસ્તકમાં વિવિધ ચિંતનકણિકાઓ છે જે જીવનને ઉન્નત કરવા પ્રેરે છે. વાચક તેને મન ભરીને માણી શકે છે. આત્મકથામાં ઉપદેશનું તત્વ જરાય નથી.

આ પુસ્તક ત્રણ ભાગમાં વહેંચાયું છે : પ્રથમ 'બાલકાંડ', પછી પોતે 'રાષ્ટ્રપુત્ર' શી રીતે બન્યા અને રાષ્ટ્રપિતા ગાંધીજીની ઓથ કેવી રીતે મેળવી એનું વિવરણ અને છેલ્લે 'પરમાત્મા સાથેની પ્રીત'ની વાત તેમણે રજુ કરી છે. આ આખી કથાનો સાર લેખક દર્શાવે છે તેમ "મારા અનુભવોનો સાર બે શબ્દમાં કહેવાનો હોય તો એટલું જ કહીશ કે આત્મવિશ્વાસ જયાં ડગી જાય છે ત્યાં વિશ્વાસઘાત થાય છે."

ધર્મની ખોટી માન્યતા ઉપર પ્રહાર કરતાં લેખક દર્શાવે છે કે :

એક મોટા ધર્મધુરંધર આવ્યા. કહેવા લાગયા 'શ્રીકાન્ત હજુ તો તારી ૨૩ વર્ષની જ ઉંમર છે. ધર્મશાસ્ત્રોનું તને શું જ્ઞાન હોય ? જે વ્યકિતને પુત્ર નથી અથવા તો જે નિઃસંતાન મરી જાય છે, તેમની સદગતિ થતી નથી. જેમને સંતાન ન હોય, જેનું પિંડદાન કરનાર કોઈ ન હોય તેઓને નરકની ગતિ પ્રાપ્ત થાય છે.'

"મારે લગ્ન નથી કરવાં : હું નિઃસંતાન જ મરવા ઈચ્છું છું. હું નરકમાં જવા તૈયાર છું. ત્યાં મને સારી સોબત જ મળશે."

સાધવી મીરાંને સંતાન હતાં ? વીર હનુમાનને પુત્ર હતો ? સ્વામી રામદાસ, જ્ઞાનેશ્વર, એમના બે ભાઈઓ અને બહેન મુકતાબાઈ, દયાનંદ સરસ્વતી, સ્વામી વિવેકાનંદ આ બધાં નિઃસંતાની, નરકમાં જ હશે ! નરકમાં જવું એ તો ભાગ્યશાળીનું લક્ષણ છે, હું ભલે નરકમાં જાઉં !"

પુસ્તકમાં છેલ્લે લખકે 'મૃત્યુપત્ર : વસિયતનામું' મૂકયું છે - એનાં સાત જ વાકયોમાં એમણે સાદર રજુ કરેલા ત્રણ મુદ્દાઓ અત્યંત મનનીય છે. ગુજરાતી ભાષાની સાત્વિક આત્મકથા વાચકો સમક્ષ એક નોંધપાત્ર, નોખું જીવન અને અનોખું કવન ખમીરવંતા શબ્દોમાં ખુલ્લું કરી આપે છે. આજે જયારે રાષ્ટ્રમાં માણસ માણસ વચ્ચે અવિશ્વાસ અને કોમી એખલાસ નાબુદ થઈ રહયો છે ત્યારે આ કથા વાચકોને તે દ્રઢિભૂત કરવામાં સહાયરૂપ નીવડશે જ તેમાં કોઈ જ શંકા નથી.

ડૉ. બી.જે. અંકુયા, ઈન્ચાર્જ યુનિવર્સિટી લાઈબ્રેરિઅન

VNSGU
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY, SURAT

Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat
Tel : +91 - 261 - 222 71 41 - 46 Fax : +91 - 261 - 222 73 12 Visit us at : www.vnsgu.ac.in

Editor : Dr. B J Ankuya, Assistant Librarian
Published by : J R Mehta, Registrar
Designed & Printed by : KLIK Solutions, 204, City Centre, Sosyo Circle, U M Road, Surat, Tel (0261) 2634179 / 98 25 25 99 11 E-mail : kliksolutions@gmail.com